# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તાઃ ૧૮/૧૨/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ચેમ્બરની ગાંધીનગર ખાતે ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.ના એમડી શ્રી રંધાવા સાથે કૃષી ક્ષેત્રને પ્રમોટ કરવા વિસ્તૃત ચર્ચા તેમજ કૃષી સંબંધિત વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે રજૂઆત

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ અને રિપ્રેઝન્ટેશન સેલના હેડ એડવોકેટ શ્રી હેમંત દેસાઇએ બુધવારે, તા. ૧૮ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ ગાંધીનગર ખાતે ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે.એસ. રંધાવા (IFS) સાથે મુલાકાત કરી હતી. ચેમ્બરે તેમની સાથે દક્ષિણ ગુજરાતના કૃષી ક્ષેત્રના વિવિધ પ્રશ્નો વિશે વિસ્તૃત ચર્ચા કરી તેના નિવારણ માટે રજૂઆત કરી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, કૃષી ક્ષેત્રની વિવિધ યોજનાઓને આદિવાસી વિસ્તારોના લોકો સુધી પહોંચાડવા માટે ચેમ્બર દ્વારા પ્રયાસ કરવામાં આવશે તેવી ખાતરી શ્રી કે.એસ. રંધાવાને આપવામાં આવી હતી. આના માટે ચેમ્બર ભવિષ્યમાં ગુજરાત સરકારની સાથે મળીને વિવિધ અવેરનેસ પ્રોગ્રામ પણ કરશે તેમ તેમણે જણાવવામાં આવ્યુ હતુ. અગાઉ પણ ચેમ્બર દ્વારા એગ્રી એન્ડ ફૂડ સંબંધિત યોજનાઓની જાણકારી ખેડૂતો તેમજ ટ્રાયબલ એરીયાની જનતા સુધી પહોંચાડવા અવેરનેસ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, અન્ય ઉદ્યોગોની જેમ કૃષી ક્ષેત્રને પણ પ્રમોટ કરવા માટે ચેમ્બર દ્વારા મહત્વ આપવામાં આવી રહયુ છે. જેના ભાગરૂપે ચેમ્બર દ્વારા આ વર્ષે પણ ખૂબ જ મોટાપાયે એગ્રીકલ્ચર એન્ડ ફૂડ એક્ષ્પોનું આયોજન કરવામાં આવ્યુ છે. આ એક્ષ્પોમાં મહેમાન તરીકે પધારવા માટે ચેમ્બર દ્વારા શ્રી કે.એસ. રંધાવાને આમંત્રણ પણ આપવામાં આવ્યુ હતુ.